# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[ Gujarat Public Universities Act No. 15/2023 ]


**પરીપત્ર:**

**વિષય :** રાજયની સરકારી કચેરીઓ/ઈમારતોમાં દ્વિચક્રી વાહન પર આવનાર કર્મચારીઓ/અધિકારીઓએ કાળજી રાખવા બાબત

સંદર્ભ: સામાન્ય વહીવટ વિભાગના પરીપત્ર ક્રમાંક:GAD/MSM/e-file/1/2024/5873/T તા.૧૯/૧૦/૨૦૨૪

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ,અધ્યાપકશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર/ઈન્ચાર્જશ્રી, યુનિવર્સિટીના તમામ બિન શૈક્ષણિક કર્મચારીઓ/અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે, સંદર્ભ પરીપત્ર અનુસાર રાજયની સરકારી કચેરીઓ/ઈમારતોમાં દ્વિચક્રી વાહન પર આવનાર કર્મચારીઓ/અધિકારીઓએ ફરજિયાતપણે નિયત ધોરણસરનું હેલમેટ પહેરીને જ સરકારી કચેરીના પરીસરમાં પ્રવેશ કરવા અંગેની સુચના પ્રસિધ્ધ થયેલ હોય, ઉકત પરીપત્રની યુનિવર્સિટી ખાતે તથા સંલગ્ન કોલેજો ખાતે ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે.

**કા. કુલસચિવ**

**બિડાણ:**

- **સંદર્ભ પરીપત્રની નકલ**

**ક્રમાંક :બીકેએનએમયુ/રજી/ ૨૪૨/૨૦૨૪**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ,ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ.
તા : ૨૧/૧૦/૨૦૨૪

**પ્રતિ,**

- ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ,અધ્યાપકશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર/ઈન્ચાર્જશ્રી, યુનિવર્સિટીના તમામ બિન શૈક્ષણિક કર્મચારીઓ/અધિકારીશ્રીઓ તરફ...

**નકલ રવાના :–**

1) માન.કુલપતિશ્રીના અંગત સચિવ તરફ...


સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || registrar@bknmu.edu.in

રાજ્યની સરકારી કચેરીઓ/ઇમારતોમાં દ્વિચક્રી વાહન (મોટર સાઇકલ, સ્કુટર વગેરે) પર આવનાર કર્મચારીઓ/અધિકારીઓએ કાળજી રાખવાની બાબતો.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : **GAD/MSM/e-file/1/2024/5873/T**
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯/૧૦/૨૦૨૪

**પરિપત્ર :**

રાજ્યમાં વધતા જતા માર્ગ અકસ્માતો અને તેનાથી થતી ગંભીર ઇજા/મૃત્યુના બનાવો ધ્યાને લેતાં માર્ગ સલામતી, લોકજાગૃતિ તથા ટ્રાફિક નિયમોનું પાલન અત્યંત જરુરી છે. દ્વિચક્રી વાહન ચાલકો માટે હેલ્મેટનો ઉપયોગ એ કાયદાનું પાલન ઉપરાંત વ્યક્તિની સુરક્ષા સુનિશ્ચિત કરે છે, જેના પરિણામે માર્ગ અકસ્માતો વખતે ગંભીર ઇજાઓ અને મૃત્યુની શક્યતામાં નોંધપાત્ર ઘટાડો કરી શકાય તેમ છે. આથી, રાજ્ય સરકારના તમામ સરકારી કર્મચારીઓ/અધિકારીઓ દ્વારા જવાબદારીપૂર્વક કાયદા પાલન અને સલામતી/સુરક્ષા માટે વાહન ચલાવતા સમયે નિયત ધોરણસરનો હેલ્મેટ ફરજીયાતપણે ઉપયોગ કરે તે આવશ્યક છે.

૨. મોટર વાહન અધિનિયમ,૧૯૮૮ મુજબ નિયમ-૧૨૯ હેઠળ, દ્વિચક્રી વાહન ચલાવતા સમયે હેલ્મેટ પહેરવું ફરજિયાત હોવાથી, સરકારની પુખ્ત વિચારણાને અંતે રાજ્યની તમામ સરકારી કચેરીઓનાં પરિસરમાં દ્વિચક્રી વાહન મારફતે આવતા-જતા અધિકારીઓ–કર્મચારીઓ-સ્ટાફ માટે નીચે મુજબની સુચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

**(૧) સચિવાલયના તમામ વિભાગો, રાજ્યની તમામ સરકારી-અર્ધસરકારી કચેરીઓ, બોર્ડ, નિગમો, પૂર્ણ કે આંશિક સરકારી અનુદાન લેતી સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં દ્વિચક્રી વાહન (મોટર સાઇકલ, સ્કુટર વગેરે) પર આવતા-જતાં વાહનચાલક તથા પાછલી સીટ પર બેસનાર અધિકારીઓ/કર્મચારીઓએ ફરજીયાતપણે, નિયત ધોરણસરનું હેલ્મેટ પહેરીને જ સરકારી કચેરીના પરિસરમાં પ્રવેશ લેવાનો રહેશે, અન્યથા તેઓને સરકારી કચેરીના પરિસરમાં પ્રવેશ અટકાવી શકાશે.**

**(૨) આ સૂચનાઓના યોગ્ય અમલીકરણ માટે સંબંધિત કચેરીના વડાઓએ નિયંત્રણ હેઠળના સર્વે અધિકારીઓ/કર્મચારીઓને જરૂરી સૂચના તથા તે અંગે ચકાસણી થાય તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે.**

**(૩) ઉક્ત વ્યવસ્થા માટે, જરુર જણાય તો, પોલીસ ખાતા/સલામતી દળના કર્મચારીઓની સેવા મેળવી શકાશે.**

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: GOPALBHAI ZALA
Organization Unit: General Administration Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 19-Oct-2024 (11:53 AM)

(જી.બી.ઝાલા)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. રાજ્યપાલશ્રીના ગૃહ નિયામકશ્રીની કચેરી, રાજભવન,ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧/૨, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી /સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગ
  **(તેમના હસ્તકના તમામ ખાતાના વડા તેમજ જિલ્લા કક્ષાની કચેરીઓ સહિત તમામ તાબાની કચેરીઓના ધ્યાને મુકવા સારૂં.)**
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર (પત્રથી)
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર,
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર (પત્રથી)
- સચિવશ્રી, લોકાયુક્તશ્રીની કચેરી, ગાંધીનગર (પત્રથી)
- ખાતાકીય તપાસના ખાસ અધિકારીશ્રી, ખાતાકીય તપાસના ખાસ અધિકારીની કચેરી, ગાંધીનગર
- સચિવશ્રી, રાજ્યચુંટણી આયોગ, ગાંધીનગર,
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર

- નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, મૂલ્યાંકન નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત સામાજીક આંતરમાળખાકીય વિકાસ બોર્ડ સોસાયટી, ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન, ગાંધીનગર,
- મહાનિર્દેશકશ્રી, સરદાર પટેલ રાજય લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ,
- નિવાસી આયુકતશ્રી, નિવાસી આયુકતશ્રીની કચેરી, ગુજરાત ભવન, ચાણકયપુરી, નવી દિલ્હી.
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીશ્રી / સર્વે શાખાઓ.
- નિવાસી નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગના અધિક / સંયુક્ત / નાયબ સચિવશ્રી (મહેકમ), સચિવાલય, ગાંધીનગર.
- નાયબ પોલીસ અધીક્ષકશ્રી (સલામતી શાખા), સચિવાલય, ગાંધીનગર.

  **.... સચિવાલય પરિસરમાં અમલવારી કરવા સારૂં.**
- સીસ્ટમ મેનેજરશ્રી, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર. **(વેબસાઇટ પર અપલોડ કરવા સારું)**
- સિલેક્ટ ફાઈલ (ટ-શાખા)
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.

File No: GAD/MSM/e-file/1/2024/5873/T (Coordinarion) - Section
Approved By: Chief Minister,Chief Minister,CMO

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*